# સરદાર પટેલ યુનિવર્સિટી

## એકેડેમિક કાઉન્સિલની સભા (તારીખઃ ૨૮/૪/૨૦૨૩)

(Under Section 23A(1) & 41(g) of the Act, S:70A,B,C)

## નોટિસ

એકેડેમિક કાઉન્સિલની સભા **તારીખઃ ૨૮/૪/૨૦૨૩ ને શુક્રવારના રોજ બપોર પછી ૩.૦૦ કલાકે** યુનિવર્સિટી કાર્યાલય સામે માનવ વિદ્યાભવન(હ્યુમેનિટિઝ બિલ્ડીંગ)માં આવેલ ઓડિટોરિયમ (આદિ શંકરાચાર્ય સભાગૃહ)માં મળશે.

## કાર્યસુચિ

૧. તારીખઃ૨૦/૨/૨૦૨૩ના રોજ મળેલી એકેડેમિક કાઉન્સિલની સભાની કાર્યનોંધ મંજૂર કરવા બાબત.

(નોંધઃ તારીખઃ૨૦/૨/૨૦૨૩ના રોજ મળેલી એકેડેમિક કાઉન્સિલની સભાની કાર્યનોંધ સભ્યશ્રીઓને મોકલવામાં આવી હતી.)

૨. તારીખઃ ૨૦/૨/૨૦૨૩ના રોજ મળેલી એકેડેમિક કાઉન્સિલની સભાએ પસાર કરેલા ઠરાવો ઉપર કરેલી કાર્યવાહિનો અહેવાલ.

૧. નોંધ લીધી.

૨. નોંધ લીધી.

૩. થી ૨૫. સેનેટની વાર્ષિક સભા સમક્ષ રજૂ કરવામાં આવી.

૩. તારીખઃ૧૮/૩/૨૦૨૩ ના રોજ મળેલ વિનયન વિદ્યાશાખાની સભાએ મંજૂર કરેલ **બિડાણ-૧** માં દર્શાવ્યા મુજબની ભલામણ પર વિચારણા કરવા બાબત. **(બિડાણઃ૧)**

૪. તારીખઃ૨૦/૨/૨૦૨૩ના રોજ મળેલ વિજ્ઞાન વિદ્યાશાખાની સભાએ મંજૂર કરેલ **બિડાણ-૨** માં દર્શાવ્યા મુજબની ભલામણ પર વિચારણા કરવા બાબત. **(બિડાણઃ૨)**

૫. તારીખઃ ૨૧/૧/૨૦૨૩ના રોજ મળેલ હોમસાયન્સ અભ્યાસ સમિતિની સભાએ મંજૂર કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત. **(બિડાણઃ૩)**

**ભલામણઃ**

આથી ઠરાવવામાં આવે છે કે હોમસાયન્સ અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે નિમેલ સિલેબસ રીવીઝન કમિટીએ તૈયાર કરેલ સ્નાતકના પાંચમા અને છઠ્ઠા સેમેસ્ટરના બિડાણમાં દર્શાવ્યા મુજબના સુધારા સહિતના અભ્યાસક્રમો મંજૂર કરવા. તેમજ તેનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ થી ક્રમશઃ કરવો.

ચાલુ...

૬. તારીખઃ ૨૧/૧/૨૦૨૩ના રોજ મળેલ કાયદાશાસ્ત્રની અભ્યાસ સમિતિની સભાએ મંજૂર કરેલ નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત. **(બિડાણઃ૪)**

**ભલામણ-૧ઃ**

આથી ઠરાવવામાં આવે છે કે કાયદાશાસ્ત્રની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે નિમેલ સિલેબસ રીવીઝન કમિટીએ તૈયાર કરેલ સ્નાતકના પાંચમા અને છઠ્ઠા સેમેસ્ટરના બિડાણમાં દર્શાવ્યા મુજબના સુધારા સહિતના અભ્યાસક્રમો મંજૂર કરવા. તેમજ તેનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ થી ક્રમશઃ કરવો.

**ભલામણ-૨ઃ**

એલએલ.બી. ચોથા સેમેસ્ટરમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩માં **UL04CLLB55, PRATICAL SUBJECU: INTERNSHIP-1** (૧ માસની ઇન્ટર્નશીપ) કોલેજ કક્ષાએ જ કરાવવી અને રીપોર્ટ કોલેજે પ્રથમ મેળવી લેવાનો રહેશે. અને જે તે વિષયના એક્ષટર્નલ એકઝામીનરને વિષયના પરીક્ષાના દિવસે વાઇવા માટે કોલેજ ખાતે બોલાવવાના રહેશે. ૭૦ માર્કસ ઇન્ટરનલ અને ૩૦ માર્કસના વાઇવા વિષયની પરીક્ષા જે-તે તારીખે લેવામાં આવશે. તેમજ માર્કશીટમાં બે ક્રેડીટ ઉમેરવામાં આવશે તેમ સર્વાનુમતે મંજૂર કરવામાં આવે છે.

**ભલામણ-૩ઃ**

એલએલ.બી. ના અભ્યાસક્રમમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨માં The passing minimum for End Term University Examination for each course/subject shall be 40%. However, the passing criteria for End Term University Examination for all the courses of a semester shall be 50% in the aggregate. ઉપરોકત ૪૦% પાસીંગ સ્ટાન્ડર્ડના નિર્ણયને શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ના વર્ષમાં કાયદાશાસ્ત્રના એલએલ.બી.ના દરેક કોર્સમાં એક્ષટેન્શન કરવાની યુનિવર્સિટી દ્વારા મંજૂરી આપવામાં આવેલ. જેની નોંધ લેવામાં આવી.

વધુમાં ઉપરોકત ભલામણના સંદર્ભમાં સ્પષ્ટતાની જરૂરિયાત હોઇ કાયદાશાસ્ત્ર વિદ્યાશાખાના કા.અધ્યક્ષ(ઇન્ચાર્જ ડીન) તથા કાયદાશાસ્ત્રની અભ્યાસ સમિતિના ઇન્ચાર્જ ચેરમેનશ્રીએ આપેલ સ્પષ્ટીકરણના અનુસંધાનમાં એલએલ.બી.ના દરેક અભ્યાસક્રમમાં પાસીંગ વિષય દીઠ ૪૦ માર્ક અને એગ્રીગેટ ૪૦% ના સુધારાને શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ના વર્ષમાં કાયદાશાસ્ત્રના એલએલ.બી.ના દરેક કોર્સમાં એક્ષટેન્શન કરવા માનનીય કુલપતિશ્રીની મંજૂરી મેળવ્યા બાદ સદર બાબતનો અમલ કરવો.

૭. તારીખઃ ૨૪/૧/૨૦૨૩ના રોજ મળેલ મેનેજમેન્ટ વિષયની અભ્યાસ સમિતિની સભાએ મંજૂર કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત. **(બિડાણઃ૫)**

**ભલામણઃ**

આથી ઠરાવવામાં આવે છે કે મેનેજમેન્ટ વિષયની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે નિમેલ સિલેબસ રીવીઝન કમિટીએ તૈયાર કરેલ સ્નાતકના પાંચમા અને છઠ્ઠા સેમેસ્ટરના બિડાણમાં દર્શાવ્યા મુજબના સુધારા સહિતના અભ્યાસક્રમો મંજૂર કરવા. તેમજ તેનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ થી ક્રમશઃ કરવો.

ચાલુ...

૮. તારીખઃ ૨૫/૧/૨૦૨૩ના રોજ મળેલ કોમર્સ અને બિઝનેસ સ્ટડીઝ એન્ડ બેન્કીંગ તથા એકાઉન્ટન્સીની અભ્યાસ સમિતિની સભાએ મંજૂર કરેલ નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત. **(બિડાણઃ૬)**

**ભલામણ-૧ઃ**

આથી ઠરાવવામાં આવે છે કે કોમર્સ અને બિઝનેસ સ્ટડીઝ એન્ડ બેન્કીંગ તથા એકાઉન્ટન્સીની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે નિમેલ સિલેબસ રીવીઝન કમિટીએ તૈયાર કરેલ સ્નાતકના પાંચમા અને છઠ્ઠા સેમેસ્ટરના બિડાણમાં દર્શાવ્યા મુજબના સુધારા સહિતના અભ્યાસક્રમો મંજૂર કરવા. તેમજ તેનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ થી ક્રમશઃ કરવો.

**ભલામણ-૨ઃ**

ઇ.આચાર્યશ્રી, એન.એ.એન્ડ ટી.વી.પટેલ આર્ટ્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગરે તેઓના તારીખઃ ૩૦/૪/૨૦૨૨ના પત્ર ક્રમાંકઃ નલિની/૨૦૨૨/૩૩ થી ઓફિસ મેનેજમેન્ટ એન્ડ સેક્રેટરીયલ પ્રેક્ટીસ વિષયના અભ્યાસક્રમને જૂન-૨૦૨૨ થી કાર્યરત કરવા કરેલ વિનંતીના અનુસંધાનમાં સદર અભ્યાસક્રમના સિલેબસને આગામી મળનાર કોમર્સ એન્ડ બિઝનેસ સ્ટડીઝ એન્ડ બેન્કીંગની અભ્યાસ સમિતિમાં મંજૂર કરાવવાની શરતે વિવિધ સત્તા મંડળોની મંજૂરીની અપેક્ષાએ માનનીય કુલપતિશ્રીએ આપેલ મંજૂરીના સંદર્ભે બી.એ./બી.કોમ.ના અભ્યાસક્રમમાં આવતા ઓફિસ મેનેજમેન્ટ એન્ડ સેક્રેટરીયલ પ્રેક્ટીસ વિષયના પ્રથમ થી ચોથા સેમેસ્ટરના સિલેબસને મંજૂર કરવા. તેમજ તેનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ થી ક્રમશઃ કરવો.

**ભલામણ-૩ઃ**

આણંદ કોમર્સ કોલેજ, આણંદ અને સી.પી.પટેલ એન્ડ એફ.એચ.શાહ કોમર્સ કોલેજ, આણંદમાં ચાલતા બી.વોક.ના નીચે દર્શાવ્યા મુજબના અભ્યાસક્રમો પૈકી યુ.જી.સી. **NSQF** ની માર્ગદર્શિકા અનુસાર યુનિવર્સિટીએ મંજૂર કરવાના 40% General Componentના બિડાણમાં દર્શાવ્યા મુજબના અભ્યાસક્રમો મંજૂર કરવા. તેમજ તેનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ થી ક્રમશઃ કરવો.

| | | |
|---|---|---|
| **(1)** | **B.Voc. -- Banking & Financial Services** | **Sem. V to VI** |
| **(2)** | **B.Voc. – Export & Import Management** | **Sem. V to VI** |

**ભલામણ-૪ઃ**

યુ.જી.સી. ન્યુ દિલ્હીએ આપેલ **Guidelines for Pursuing Two Academic Programmes Simultaneously** ની બિડાણમાં દર્શાવ્યા મુજબની માર્ગદર્શિકાને બિડાણમાં દર્શાવ્યા મુજબ મંજૂર કરવામાં આવે છે.

૯. તારીખઃ ૪/૨/૨૦૨૩ના રોજ મળેલ એડહોક બોર્ડ ઓફ સ્ટડીઝ ઇન ફાર્માસ્યુટીકલ સાયન્સની સભાએ મંજૂર કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત. **(બિડાણઃ૭)**

**ભલામણઃ**

Members of the Adhoc Board recommended the implementation of detailed syllabus of B.Pharm. Semester-5 and Semester-6 from academic year 2023-24. (**Enclosure**)

ચાલુ...

૧૦. NCC નો કોર્સ કન્ડકટ કરતા અધ્યાપકોની તારીખઃ ૧૬/૩/૨૦૨૩ના રોજ મળેલ સભાએ મંજૂર કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત. **(બિડાણઃ૮)**

**ભલામણઃ**

આર્ટ્સ, સાયન્સ અને કોમર્સ વિદ્યાશાખાઓ અંતર્ગત સ્નાતક કક્ષાએ તેમજ બી.સી.એ. અને બી.બી.એ.ના NCC ના સેમેસ્ટર-૫ અને સેમેસ્ટર-૬ના સિલેબસને હાલના સ્ટ્રકચરમાં Skill Enhancement Elective Course માં NCC ના કોર્સનો ઇલેકટીવ વિષય તરીકે સમાવેશ કરવા માટે NCC General Elective Credit Course ના મોડેલ સિલેબસને ધ્યાને લઇ તારીખઃ ૧૬/૩/૨૦૨૩ ના રોજ મળેલ સદર સભાએ યુનિવર્સિટીના ફોરમેટમાં તૈયાર કરેલ NCC ના Elective Course ના બિડાણમાં દર્શાવ્યા મુજબના પાંચમા અને છઠ્ઠા સેમેસ્ટરના સદર અભ્યાસક્રમને મંજૂર કરવો. તેમજ તેનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ થી ક્રમશઃ કરવો. તથા હાલમાં નવા તૈયાર થનાર પાંચમા અને છઠ્ઠા સેમેસ્ટરના સિલેબસના સ્ટ્રકચરમાં તેનો સમાવેશ ઇલેકટીવ વિષય તરીકે કરવો.

૧૧. તારીખઃ ૬/૪/૨૦૨૩ના રોજ મળેલ આર્કિટેકચર એન્ડ ટાઉન પ્લાનીંગની અભ્યાસ સમિતિની સભાએ મંજૂર કરેલ નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત. **(બિડાણઃ૯)**

**ભલામણ-૧ઃ**

આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૨૦/૩/૨૦૨૩ના રોજ માનનીય કા.કુલપતિશ્રીની અધ્યક્ષતામાં મળેલ સભાએ સબ્જેકટ એક્ષપર્ટ તથા ડીનશ્રીની હાજરીમાં સદર બાબતે બોર્ડ ઓફ સ્ટડીઝની સભામાં જરૂરી નિર્ણય લેવા કરેલ ભલામણના સંદર્ભે આજની આ સભામાં સબ્જેકટ એક્ષપર્ટ તથા ડીનશ્રીની હાજરીમાં બોર્ડ ઓફ સ્ટડીઝના સર્વે સભ્યશ્રીઓની સંમતિથી Bachelor of Iinerior Design (BID) ના નામકરણમાં કોઇ ફેરફાર કરવો નહીં.

(નોંધઃ સદર બાબતે અભ્યાસ સમિતિના સભ્ય પ્રો. દેવયાની શ્રીવાસ્તવે પોતાનો વિરોધ દર્શાવ્યો હતો.)

વધુમાં ઉપરોકત ઠરાવને ધ્યાને લેતાં સિન્ડિકેટ વિભાગ દ્વારા તેઓના તારીખઃ ૧૬/૨/૨૦૨૩ના પરિપત્ર ક્રમાંકઃ કે.૧/૮૨૦૧ થી તારીખઃ ૩૦/૧/૨૦૨૩ના રોજ મળેલ સિન્ડિકેટની સભાએ બાબત ક્રમાંકઃ૬ થી મંજૂર કરેલ અરવિંદભાઇ પટેલ ઇન્સ્ટિટયૂટ ઓફ એન્વાયરમેન્ટલ ડિઝાઇન, વલ્લભ વિદ્યાનગરમાં ચાલતા બેચલર ઓફ ઇન્ટીરીયર ડિઝાઇન કોર્સનું નામ બદલીને ન્યુ નોમેનકલેચર બેચલર ઓફ ડીઝાઇન(ઇન્ટીરીયર ડિઝાઇન) કરેલ છે તે અંગે ફેરવિચારણા કરવા સિન્ડિકેટ વિભાગને જાણ કરવી.

**ભલામણ-૨ઃ**

આથી ઠરાવવામાં આવે છે કે Bachelor of Interior Design(BID) ના હાલના એડમિશન ક્રાઇટેરીયામાં Diploma in Vocation(D.Voc.) – Architecture Assistantship નો અભ્યાસ કરેલ વિદ્યાર્થીઓનો સમાવેશ કરી તેઓને પ્રવેશપાત્ર ગણવા. તેમજ તેનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ થી કરવો.

ચાલુ...

૧૨. તારીખઃ ૧૭/૨/૨૦૨૩ના રોજ મળેલ નર્સિંગની અભ્યાસ સમિતિની સભાએ મંજૂર કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત. **(બિડાણ:૧૦)**

**ભલામણઃ**

આથી ઠરાવવામાં આવે છે કે બી.એસસી. નર્સિંગ(સેમેસ્ટર સિસ્ટમ)ના અભ્યાસક્રમમાં ગ્રેસીંગ સિસ્ટમ ઇન્ડીયન નર્સિંગ કાઉન્સિલના નિયમો અનુસાર રાખવી.

૧૩. કુલપતિશ્રીએ મંજૂર કરેલા કાર્યોની માહિતીઃ

(૧) તારીખઃ૧૭/૩/૨૦૨૨ના રોજ મળેલ કાયદાશાસ્ત્રની અભ્યાસ સમિતિની સભાએ મંજૂર કરેલ નીચેની ભલામણોનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ થી કરવાનો હોવાથી વિવિધ સત્તા મંડળોની મંજૂરીની અપેક્ષાએ કુલપતિશ્રીએ મંજૂર કર્યાના; **(બિડાણ:૧૧)**

**ભલામણ-૧ઃ**

આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૧૧/૧/૨૦૨૨ના રોજ મળેલ કાયદાશાસ્ત્રની અભ્યાસ સમિતિની સભાએ બાબત ક્રમાંકઃ૫ થી એલએલ.એમ.ના અભ્યાસક્રમમાં સેમેસ્ટર-૪ માં આવતા તમામ ગ્રુપના ડિઝર્ટેશનનું પ્લેગેરિઝમ કરાવવા તથા સદર બાબતનો અમલ એપ્રિલ-૨૦૨૨ થી કરવા ભલામણ કરેલ. પરંતુ હાલમાં સત્ર ટૂંકુ હોઇ સદર બાબતનો અમલ કરી શકાય તેમ નથી. વધુમાં સદર બાબત તારીખઃ ૨૧/૦૨/૨૦૨૨ ના રોજ મળેલ પી.જી.બોર્ડની સભામાં બાબત ક્રમાંકઃ ૨૨ થી અને તારીખઃ ૨૩/૨/૨૦૨૨ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલની સભામાં બાબત ક્રમાંકઃ૧૮ થી તેમજ તારીખઃ ૨૮/૨/૨૦૨૨ના રોજ મળેલ સિન્ડિકેટની સભામાં બાબત ક્રમાંકઃ૧૫ થી મંજૂર થયેલ છે. જે હાલ પુરતું સ્થગિત કરવા માનનીય કુલપતિશ્રીને ભલામણ કરવી.

**ભલામણ-૨ઃ**

આચાર્યશ્રી, એમ.એસ. ભગત એન્ડ સોનાવાલા લૉ કોલેજ, નડિઆદે કોલેજ કક્ષાએ સર્ટીફિકેટ કોર્સ શરૂ કરવા કરેલ વિનંતીના સંદર્ભમાં યુનિવર્સિટી કાર્યાલય તરફથી તેઓને પાઠવવામાં આવેલ તારીખઃ ૧૭/૩/૨૦૨૨ ના પત્ર ક્રમાંકઃ ડી/બી-૩/૭૮૦૧ ના અનુસંધાનમાં તેઓની કોલેજમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ થી શરૂ થનાર નીચેના સર્ટીફિકેટ કોર્સના વિગતવાર અભ્યાસક્રમને પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબ મંજૂર કરવો.

(1) Certificate Course on Cyber Laws and Information Technology Act

(૨) યુનિવર્સિટી સંલગ્ન NCCનો કોર્સ ચલાવતી કોલેજોમાં સદર કોર્સ કન્ડક્ટ કરતા અધ્યાપકોની તારીખઃ ૧૯/૦૪/૨૦૨૨ના રોજ મળેલ સભાએ કરેલ નીચેની ભલામણનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ થી કરવાનો હોવાથી વિવિધ સત્તા મંડળોની મંજૂરીની અપેક્ષાએ કુલપતિશ્રીએ મંજૂર કર્યાના; **(બિડાણ:૧૨)**

ચાલુ...

**ભલામણઃ**

"વિસ્તૃત ચર્ચા વિચારણાને અંતે આથી ભલામણ કરવામાં આવે છે કે, આર્ટ્સ, સાયન્સ અને કોમર્સ વિદ્યાશાખાઓ અંતર્ગત સ્નાતક કક્ષાએ તેમજ બી.સી.એ. અને બી.બી.એ.ના હાલમાં નવા તૈયાર થયેલ ત્રીજા અને ચોથા સેમેસ્ટરના સિલેબસના સ્ટ્રકચરમાં Skill Enhancement Elective Course માં NCC ના કોર્સનો ઇલેકટીવ વિષય તરીકે સમાવેશ કરવા માટે NCC General Elective Credit Course ના મોડેલ સિલેબસને ધ્યાને લઇ તારીખઃ ૧૯/૪/૨૦૨૨ના રોજ મળેલ સદર સભાએ યુનિવર્સિટીના ફોરમેટમાં તૈયાર કરેલ NCC ના Elective Course ના ત્રીજા અને ચોથા સેમેસ્ટરના સદર અભ્યાસક્રમને મંજૂર કરવો. તેમજ તેનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ થી ક્રમશઃ કરવો. તથા તેનો સમાવેશ હાલમાં નવા તૈયાર થયેલ સિલેબસના ત્રીજા અને ચોથા સેમેસ્ટરના સ્ટ્રકચરમાં બિડાણમાં દર્શાવ્યા મુજબ ઇલેકટીવ વિષય તરીકે કરવો."

(૩) બોચાસણવાસી શ્રી અક્ષરપુરષોત્તમ સ્વામીનારાયણ સંસ્થા(બી.એ.પી.એસ.) અમદાવાદ અને સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર વચ્ચે થયેલ MoU ના સંદર્ભે સરદાર પટેલ યુનિવર્સિટીમાં ચાલતા સ્નાતકના અભ્યાસક્રમોમાં Integrated Personality Development Course (IPDC) ના કોર્સનો જરૂરી અભ્યાસ કરી પ્રવર્તમાન વિવિધ અભ્યાસક્રમોના ઇલેકટીવ ગ્રૂપમાં સમાવેશ કરવા જરૂરી ભલામણ કરવા માટે માનનીય કુલપતિશ્રીએ નિમેલ ટાસ્ક ફોર્સની તારીખઃ ૧૨/૭/૨૦૨૨ અને તારીખઃ ૧૩/૭/૨૦૨૨ના રોજ મળેલ સભાઓએ કરેલ નીચેની ભલામણને માનનીય કુલપતિશ્રીએ મંજૂર કર્યાના;

**ભલામણઃ**

સ્નાતક કક્ષાએ વિનયન, વાણિજ્ય, મેનેજમેન્ટ, વિજ્ઞાન તેમજ ગૃહવિજ્ઞાન વિદ્યાશાખાઓ અંતર્ગત આવતા અભ્યાસક્રમોમાં Integrated Personality Development Course (IPDC) ના કોર્સને ઇલેકટીવ વિષય તરીકે આમેજ કરવો. તેમજ હાલના સ્નાતક કક્ષાના સ્ટ્રકચરમાં સ્કીલ એન્હાસમેન્ટના ઇલેકટીવ વિષયોમાં તેનો સમાવેશ કરવો. તેમજ તેનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ થી કરવો.

વધુમાં ઉપરોકત વિદ્યાશાખાઓ પૈકી વાણિજ્ય અને મેનેજમેન્ટ વિદ્યાશાખાઓ અંતર્ગત આવતા અભ્યાસક્રમોમાં ઇલેકટીવ કોર્સ ત્રણ ક્રેડિટના હોઇ સદર Integrated Personality Development Course (IPDC) નો કોર્સ 2 + 1 ક્રેડિટનો રહેશે.

(૪) તારીખઃ૧૭/૨/૨૦૨૩ના રોજ મળેલ નર્સિંગની અભ્યાસ સમિતિની સભાએ મંજૂર કરેલ નીચેની ભલામણોનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ થી કરવાનો હોવાથી વિવિધ સત્તા મંડળોની મંજૂરીની અપેક્ષાએ કુલપતિશ્રીએ મંજૂર કર્યાના; **(બિડાણઃ૧૩)**

**ભલામણ-૧:**

આથી ઠરાવવામાં આવે છે કે બી.એસસી.નર્સિંગના અભ્યાસક્રમમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨થી અમલમાં આવેલ સેમેસ્ટર સિસ્ટમ અંતર્ગત બી.એસસી.નર્સિંગ(બીજા સેમેસ્ટર)ના અભ્યાસક્રમના સબ્જેક્ટ કોડ(સ્ટ્રકચર) અને ગ્રીનસીટમાં સુધારો કરી આ સાથેના બિડાણમાં દર્શાવ્યા મુજબસુધારા સહિત મંજૂર કરવું.

ચાલુ...

**ભલામણ-૨:**

બી.એસસી.નર્સિંગના અભ્યાસક્રમમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨થી અમલમાં આવેલ સેમેસ્ટર સિસ્ટમ અંતર્ગત બી.એસસી.નર્સિંગ(પ્રથમ સેમેસ્ટર)નું રીવાઇઝ્ડ કોર્સ સ્ટ્રકચર, ગ્રીનસીટ તેમજ ગ્રેડીંગ માળખું પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબ મંજૂર કરવું.

(૫) તારીખ:૩/૪/૨૦૨૩ના રોજ મળેલ હોમિયોપેથી અભ્યાસ સમિતિની સભાએ મંજૂર કરેલ નીચેની ભલામણનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ થી કરવાનો હોવાથી વિવિધ સત્તા મંડળોની મંજૂરીની અપેક્ષાએ કુલપતિશ્રીએ મંજૂર કર્યાના; **(બિડાણ:૧૪)**

**ભલામણ:**

આથી ઠરાવવામાં આવે છે કે નેશનલ કાઉન્સિલ ફોર હોમિયોપેથી દ્વારા ભારત સરકારના તારીખ: ૬/૧૨/૨૦૨૨ ના રોજ પ્રસિધ્ધ થયેલ ગઝેટ અનુસાર હોમિયોપેથીના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો પૈકી પ્રથમ વર્ષ બી.એચ.એમ.એસ.ના બિડાણમાં દર્શાવ્યા મુજબના સુધારા વધારા સહિતના સિલેબસ મંજૂર કરવા. તેમજ તેનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ થી કરવો.

(૬) તારીખ:૬/૪/૨૦૨૩ના રોજ મળેલ આર્કિટેક્ચર એન્ડ ટાઉન પ્લાનીંગની અભ્યાસ સમિતિની સભાએ મંજૂર કરેલ નીચેની ભલામણનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ થી કરવાનો હોવાથી વિવિધ સત્તા મંડળોની મંજૂરીની અપેક્ષાએ કુલપતિશ્રીએ મંજૂર કર્યાના; **(બિડાણ:૧૫)**

**ભલામણ:**

આથી ઠરાવવામાં આવે છે કે Bachelor of Interior Design(BID) પ્રથમ થી ચોથા સેમેસ્ટરના અભ્યાસક્રમની ટીચીંગ સ્કીમમાં ફેરફાર કરી બિડાણમાં દર્શાવ્યા મુજબ મંજૂર કરવું. તેમજ તેનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ થી કરવો.

(નોંધ : ઉપરોક્ત તમામ બિડાણો યુનિવર્સિટીની વેબસાઇટ www.spuvvn.edu/ notice & circular પર ઉપલબ્ધ છે.)

અધ્યક્ષશ્રીની મંજૂરીથી જે કાંઇ રજૂ થાય તે.

કુલસચિવ

નંબર: ડી/બી/એ.કા./૪૫૬
વલ્લભ વિદ્યાનગર
તારીખ:૨૪/૪/૨૦૨૩

પ્રતિ:

(૧) એકેડેમિક કાઉન્સિલના સર્વે સભ્યશ્રીઓ જોગ.
(૨) પરીક્ષા વિભાગ તરફ જાણ સારૂ.
(૩) નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર તરફ યુનિવર્ટિટી વેબસાઇટ(નોટીસ અને સરક્યુલર) પર મૂકવા વિનંતી.

# સરદાર પટેલ યુનિવર્સિટી

## એકેડેમિક કાઉન્સિલની સભા (તારીખઃ૧૨/૨/૨૦૨૦)

(Under Section 23A(1) & 41(g) of the Act, S:70A,B,C)

**વધારાના કામકાજની યાદી**

૧૪. તારીખઃ૨૫/૪/૨૦૨૩ ના રોજ મળેલ બોર્ડ ઓફ પોષ્ટ ગ્રેજયુએટ સ્ટડીઝ એન્ડ રિસર્ચની સભાએ કરેલ ભલામણો ક્રમાંકઃ ૧ થી ૨૮, ૨૯(પેટા ક્રમાંકઃ ૧ થી ૫) અને ૩૦ પર વિચારણા કરવા બાબત.

**(બિડાણઃ૧૬)**

૧૫. પરીક્ષા વિભાગ દ્વારા જૂન-૨૦૨૨ થી સપ્ટેમ્બર-૨૦૨૨ તથા ઓકટોબર-૨૦૨૨ થી ફેબ્રુઆરી-૨૦૨૩ માં લેવાયેલ પરીક્ષાઓના પરીક્ષકોની યાદી મંજૂર કરવા બાબત.

(નોંધઃ આ માહિતી ગોપનીય હોવાથી જે સભ્યશ્રીઓને યાદી જોવી હોય તેઓને નાયબ કુલસચિવ, પરીક્ષા વિભાગનો સંપર્ક કરવાથી જોવા મળશે.)

નંબરઃ ડી/બી/એ.કા./૪૫૬(૧)
વલ્લભ વિદ્યાનગર
તારીખઃ ૨૬/૪/૨૦૨૩

કુલસચિવ

પ્રતિઃ
(૧) એકેડેમિક કાઉન્સિલના સર્વે સભ્યશ્રીઓ જોગ.
(૨) પરીક્ષા વિભાગ તરફ જાણ સારૂ.
(૩) નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર તરફ યુનિવર્સિટી વેબસાઇટ(નોટીસ અને સરક્યુલર) પર મૂકવા વિનંતી.